Plot----Bunglow-----Flat
THE PROPZONEGANDHINAGAR
Buy-----sell-----Rent
A property consultant in Gandhinagar
Office : A/224, Swagatrainforest~2
Kuda san.Gandhinagar
Mobile : 9033810109

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક
अब तो एक ही आग ''जन फरियाद''
now on Internet www.janfariyad.com
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-21 ■ અંક-41 ■ તા. 08-10-2017 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### દ્વારકામાં પોતાની સરકારની સિદ્ધીઓની વાત કરતા મોદીની જાહેરાત

# જીએસટીના સંદર્ભે નિર્ણયથી ૧૫ દિવસ પહેલા દિવાળી આવી ગઈ

## દ્વારકાના આંગણેથી ૩૯૩૨ કરોડના ત્રણ પ્રોજેક્ટનુ ભૂમિપુજન સંપન્ન કરાયુ
## દેવભૂમિ દ્વારકા ખાતે દેશની પ્રથમ મરીન પોલીસ રિસર્ચ સંસ્થાની જાહેરાત

અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતની તેમની બે દિવસની ઐતિહાસિક યાત્રા શરૂ કરી હતી. આની સાથે જ મોદીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે પ્રચારનુ રણશિંગુ પણ ફુક્યુ હતુ. મોદીએ દ્વારકાધીશના દર્શન કર્યા બાદ બેટ દ્વારકાને જોડનાર બ્રિજની આધારશીલા મુકી હતી. આ પ્રસંગે દ્વારકામાં મોદીએ ઉપસ્થિત લોકોને સંબોધન કરતા વિવિધ મુદ્દા પર વાત કરી હતી. મોદીએ પોતાના વિકાસ કામોને ગણાવ્યા હતા. સાથે સાથે એમ પણ કહ્યુ હતુ કે જીએસટી કાઉન્સિલના નિર્ણયના કારણે સમગ્ર દેશમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે. દેશમાં દિવાળી પહેલા જ દિવાળીની ઉજવણી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યુ હતુ કે જીએસટી કાઉન્સિલના નિર્ણયના કારણે સામાન્ય વેપારીઓને ફાયદો થયો છે. મોદી ગુજરાતની યાત્રાએ એક મહિનામાં ત્રીજી વખત પહોંચ્યા છે. બે દિવસની તેમની યાત્રા શરૂ કરી હતી. દ્વારકાધીશમાં ભગવાનના દર્શન કર્યા બાદ મોદીએ ઉપસ્થિત લોકોને સંબોધન કર્યુ હતુ. જેમાં મોદીએ વિકાસના મુદ્દા પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે વર્તમાન પેઢીને ભલે થોડીક તકલીફ થઇ રહી છે પરંતુ ભાવિ પેઢીને ખુબ સારા લાભ વિકાસના મળનાર છે. તેમણે કહ્યુ હતુ કે વિકાસને નવી ઉંચાઇ પર લઇ જવાના ઈરાદા સાથે અમે આગળ વધી રહ્યા છીએ. દેશમાં વિશ્વનાદેશો રોકાણ કરી રહ્યા છે. ભારત પર સમગ્ર દુનિયાની નજર કેન્દ્રિત થઇ ગઈ છે. તેમણે કહ્યુ હતુ કે વિકાસ માટે સંકુચિત નહી બલ્કે વિસ્તૃત ઈચ્છાશક્તિની જરૂર છે. જીએસટીમાં ફેરફારના કારણે ૧૫ દિવસ પહેલા જ દિવાળી જેવો માહોલ દેશમાં છવાઈ ગયો છે. મોદીએ આ પ્રસંગે દેવભૂમિ દ્વારકામાં મરીન પોલીસ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ બનાવવાની પણ જાહેરાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે માછીમારોના જીવન ધોરણને સુધારી દેવા માટે સરકાર કટિબદ્ધ છે. તેમને ખુબ ઓછા વ્યાજદરે લોન આપવામાં આવનાર છે. આ લોકો મોટી બોટ ખરીદી શકે તે માટે સહાયતા આપવામાં આવનાર છે. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બે દિવસની ગુજરાત યાત્રા પર પહોંચી ગયા હતા. બે દિવસની યાત્રાએ જામનગર પહોંચ્યા બાદ તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. માત્ર એક મહિનાના ગાળામા જ મોદીની આ ત્રીજી ગુજરાત યાત્રા છે. જામનગર પહોંચ્યા બાદ મોદી દ્વારકા ધીશના દર્શન કરવા માટે પહોંચ્યા હતા.મંદિર સંકુળમાં મોદી આશરે ૨-૩૦ મિનિટ સુધી રોકાયા હતા. મોદીની સાથે તમામ મહાનુભાવો હાજર રહ્યા હતા. મોદીએ તેમના કાર્યક્રમની શરૂઆત દ્વારકાથી કરી હતી.મોદીએ પોતાના સંબોધનમાં કહ્યુ હતુ કે જીએસટીની અડચણોને દુર કરીને તેને સરળ કરી દેવામાં આવી છે. નાગરિકોના સપનામાં રંગ ભરવાનો કેન્દ્ર સરકારનો નતમસ્તક પ્રયાસ થઈ રહ્યો છે. સંઘના કાર્યકર તરીકે બેટ દ્વારકામાં ગાળેલા પોતાના સંસ્મરણો મોદી યાદ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર લોકોના સંપનાઓને પૂર્ણ કરવા માટે પ્રયાસોમાં વ્યસ્ત છે. ભારત વર્ષના આસતાના કેન્દ્ર બનેલા બેટદ્વારકા અને ઓખાને જોડતા દરિયા પર દરિયા પર ચારમાર્ગીય ૪.૫૬ કિ.મિ લંબાઈના કેબલ સ્ટેડ સીન્ગેચર બ્રીજ ૯૬૨ કરોડ, ગડુ પોરબંદર સેક્શન શોલ્ડર ૯૧.૬૭ કિ.મી અને પોરબંદર દ્વારકા ચારમાર્ગીય રોડ એમ કુલ ૧૯૭૦ કરોડના ખર્ચે ૧૧૭.૭૪૮ કિ.મી થનાર પ્રોજેક્ટનું ભૂમિપૂજન વડાપ્રધાને ઉત્સાહપૂર્વક માહોલમાં કર્યું હતું. રાત્રીના સમયે કોઈપણ પ્રકારની આપત્તિ વખતે પડતી મુશ્કેલીના નિવારણ માટે આ બ્રિજ બનાવાઈ રહ્યો છે. જે પ્રવાસન ક્ષેત્રના વિકાસનું અગ્રીમ પગથીયું સાબિત થશે. ઢળતા સુરજ અને સમુદ્રની લહેરોનો સાથ માણવા માટે રોડ કનેકટીવીટી તરીકેની આ બ્રિજની અગત્યતાનો પણ મોદીએ ગૌરવાન્વિત સ્વરે ઉલ્લેખ કર્યો હતો. દેશનો સૌથી લાંબો દરીયો કિનારો ધરાવતા ગુજરાત રાજ્ય માટે બ્લુ ઈકોનોમી અન્વયે માછીમારોના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓ વડાપ્રધાનએ તેમના વક્તવ્યમાં બખુબી વણી લીધી હતી. મોદીએ બુલેટ ટ્રેન માટે જાપાન સરકારના સહયોગનો વિરોધ કરનારાઓને મકકમ સ્વરે જણાવ્યું હતું કે, આ જ જાપાની ટેકનોલોજીનો અલંગના શીપબ્રેકીંગ યાર્ડ માટે પણ ઉપયોગ કરાશે જે કેન્દ્ર સરકારની તટસ્થતા પ્રદર્શિત કરે છે. જીએસટીના ત્રણ મહિનાના અભ્યાસ પછી તેમા રહેલી તમામ અડચણો દુર કરી જરૂરત મુજબ રેટ ઘટાડ્યા છે. સરળીકરણ કર્યું છે તે જણાવતા વડાપ્રધાનએ કહ્યું કે, આપણી વેપારી આલમ અમલદારશાહીમાં ફસાય તેવું કયારેય બનશે નહીં. જીએસટીમાં થયેલા સુધારાઓનું સૌએ સ્વાગત કર્યું છે. તેમના પ્રત્યે વડાપ્રધાનએ આભારની લાગણી વ્યક્ત કરી હતી. ભુતકાળમાં ગુજરાતના મુખ્યમંત્રી એક પાણીના ટાંકીનું ઉદઘાટન કરી સંતોષ અનુભવતા તેવી ટકોર કરી વડાપ્રધાનએ કહ્યું કે, દુનિયા આજે બદલાઈ ગઈ છે તેને વિકાસની નવીં ઉચાઈ સુધી લઈ જવાનું હિન્દુસ્તાનના ૧૨૫ કરોડ નાગરિકોનું સ્વપ્ન છે અને એ સ્વપ્ન અમે સાર્થક કરીશું. પ્રવાસન ક્ષેત્રના વિકાસથી છેવાડાના લોકો માટે રોજગારીની વિશેષ તકોનુ નિર્માણ થાય છે તેમ જણાવી વડાપ્રધાનએ ઉમેર્યું હતું કે, દ્વારકા, પોરબંદર, સોમનાથ, સાસણ સહિતની ટુરીઝમ સર્કીટને જોડતા રોડ નેટવર્કથી આર્થિક ગતિ-વિધીઓમાં ખુબ મોટો વધારો થશે. અમલદારશાહીમાં ફસાય તેવું કયારેય બનશે નહીં. જીએસટીમાં થયેલા સુધારાઓનું સૌએ સ્વાગત કર્યું છે. તેમના પ્રત્યે વડાપ્રધાનએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ભુતકાળમાં ગુજરાતના મુખ્યમંત્રી એક પાણીના ટાંકીનું ઉદઘાટન કરી સંતોષ અનુભવતા તેવી ટકોર કરી વડાપ્રધાનએ કહ્યું કે, દુનિયા આજે બદલાઈ ગઈ છે તેને વિકાસની નવીં ઉચાઈ સુધી લઈ જવાનું હિન્દુસ્તાનના ૧૨૫ કરોડ નાગરિકોનું સ્વપ્ન છે અને એ સ્વપ્ન અમે સાર્થક કરીશું. પ્રવાસન ક્ષેત્રના વિકાસથી છેવાડાના લોકો માટે રોજગારીની વિશેષ તકોનુ નિર્માણ થાય છે તેમ જણાવી વડાપ્રધાનએ ઉમેર્યું હતું કે, દ્વારકા, પોરબંદર, સોમનાથ, સાસણ સહિતની ટુરીઝમ સર્કીટને જોડતા રોડ નેટવર્કથી આર્થિક ગતિ-વિધીઓમાં ખુબ મોટો વધારો થશે. વડા પ્રધાને શ્રેણીબદ્ધ મુદ્દાઓ ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી.

### આદિવાસી વિદ્યાર્થીઓ સાથે પણ મુલાકાત કરશે

# આશાવર્કર તેમજ આંગણવાડી બહેનો સાથે રાહુલ ચર્ચા કરશે

## નવમીએ સવારમાં અમદાવાદ એરપોર્ટ પર રાહુલ ગાંધીનું આગમન : ૯થી ૧૧મી સુધી ત્રણ દિવસનો પ્રવાસ કાર્યક્રમ

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તા.૯મીએ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તા.૯થી ૧૧ એમ ત્રણ દિવસના ચૂંટણી પ્રવાસમાં રાહુલ ગાંધી મધ્ય ઝોનના વિસ્તારોને ઘમરોળશે. જે દરમ્યાન તેઓ આશાવર્કર અને આંગણવાડીની બહેનો સાથે ખાસ ચર્ચા કરશે તો, આદિવાસી વિદ્યાર્થીઓ સાથે પણ વિશેષ મુલાકાત યોજશે. તા.૯મીએ સવારે રાહુલ ગાંધીનું અમદાવાદ એરપોર્ટ પર આગમન થશે. કોંગ્રેસ પક્ષ દ્વારા રાહુલ ગાંધીના ત્રદિવસીય કાર્યક્રમની જાહેરાત કરી દેવાઈ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તા.૯મીએ સવારે ૧૦-૦૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યા બાદ સવારે ૧૧-૦૦વાગ્યે હાથીજણ સર્કલ પહોંચશે, જયાં તેમનું ભવ્ય સ્વાગત કરાશે. સવારે ૧૧-૪૦ મિનિટે ખાત્રજ ચોકડી ખાતે રાહુલ ગાંધી વિશાળ જનસભા સંબોધ્યા બાદ બપોરે ૧૨-૧૫ મિનિટે અમૂલ પ્લાન્ટના કામદારો સાથે જિબ્હીપુરા ખાતે મુલાકાત કરશે, જયાં કામદારો દ્વારા રાહુલ ગાંધીનું સ્વાગત કરાશે. એ પછી બપોરે એક વાગ્યે તેઓ નડિયાદ સંતરામ મંદિર ખાતે દર્શનાર્થે જશે. નડિયાદ ખાતે વિવિધ સમુદાયના લોકો સાથે મુલાકાત કરી સીધી ચર્ચા કરશે. ત્યાંથી બપોરે ૧-૪૫ની આસપાસ સરદાર પટેલ જન્મસ્થળની મુલાકાત તેઓ લેશે. બપોરે ત્રણ વાગ્યે તેઓ પેટલાદ પહોંચશે, જયાં રણછોડમંદિર ચોક ખાતે તેમનું સ્વાગત કરાશે. બપોરે ૩-૩૫ મિનિટે આણંદ ખાતે દેદરડા ગામે દૂધ મંડળીઓના પ્રતિનિધિઓ સાથે તેઓ ખાસ વાતચીત કરશે. સાંજે ૪-૩૦ વાગ્યે આણંદમાં રાઠોડ ચોક ખાતે ભાવવધારા મુદ્દે મીટીંગ યોજશે. એ પછી સાંજે ૫-૧૦ મિનિટે તેઓ બોરડ, આંકલાવની મુલાકાત લેશે અને ત્યાંથી સાંજે ૭-૧૫એ વડદોરા ખાતે સયાજી હોલમાં વેપારીઓ, સાહસિકો અને વ્યવસાયિકો સાથે સંવાદ યોજશે. વડોદરામાં રાત્રિરોકાણ બાદ તા.૧૦મીએ રાહુલ ગાંધી ૯-૦૫ મિનિટે બાબાસાહેબ આંબેડકરની સંકલ્પભૂમિ ખાતે પ્રાર્થના કરશે, સવારે ૯-૩૦એ સયાજી હોલમાં વિદ્યાર્થીઓ સાથે ક્રિયા-પ્રતિક્રિયા, સવારે ૧૦-૩૫એ ભાયલી, વડોદરા ખાતે તેમનું ભવ્ય સ્વાગત, ૧૧-૦૦ વાગ્યે પાદરા અને ૧૨-૦૦ વાગ્યે કરજણ ખાતે મીટીંગ, બપોરે ૧-૩૦ વાગ્યે વડોદરાના ડભોઈ ખાતે રાહુલ ગાંધી આશાવર્કર અને આંગણવાડી બહેનો સાથે ખાસ વાતચીત યોજશે અને તેમની તકલીફો સાંભળશે. બપોરે૨-૦૫ મિનિટે એપીએમસી ડભોઇ ખાતે સ્પીચ, સાંજે ૪-૩૦ વાગ્યે બોડેલી, છોટા ઉદેપુર ખાતે જાહેરસભા સંબોધશે. રાહુલ ગાંધી તા.૧૦મીએ છોટા ઉદેપુરમાં જ રાત્રિ રોકાણ કરશે. ત્યારબાદ તા.૧૧મીએ સવારે ૧૦-૦૦ વાગ્યે રાહુલ ગાંધી દરબાર હોલ ખાતે આદિવાસી વિદ્યાર્થીઓ સાથે વિશેષ મુલાકાત કરશે અને તેમને સાંભળશે, સાથે સાથે તેમના પ્રશ્નોના જવાબ પણ આપશે. બપોરે ૧૨-૨૦એ દેવગઢ બારિયામાં મીટીંગ, બપોરે ૧-૧૦ મિનિટે આદિવાસી અધિકારો અંગે લીમખેડામાં મીટીંગ, બપોરે ૧-૫૦ મિનિટે દાહોદના સાલિયા ખાતે કબીર મંદિર દર્શન, બપોરે ૨-૨૦એ સંત રોડ, પંચમહાલ ખાતે મીટીંગ, બપોરે ૪-૧૦એ ગોધરાના હરપ્રીત ધાબા ખાતે કુશળ કામદારો સાથે તેઓ મીટીંગ કરશે. સાંજે ૫-૨૦ વાગ્યે ફાગવેલ ખાતે રાહુલ ગાંધી ભાથીજી મહારાજના દર્શન કરી વિશાળ જાહેરસભા સંબોધશે અને સાંજે ફાગવેલથી અમદાવાદ પરત ફરશે. રાહુલ ગાંધીની ગુજરાતની ફરી ચૂંટણીલક્ષી મુલાકાતને લઈ ગુજરાત કોંગ્રેસ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને સૌરાષ્ટ્ર ઝોનની સફળતા બાદ મધ્ય ઝોનની સફળતા હાંસલ કરવા એડીચોટીનું જોર લગાવ્યું છે. રાહુલ ગાંધી ચૂંટણીને લઈને આક્રમક ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.

### દિવાળી પહેલા દહેશત ફેલાવવાનું કાવતરૂં

# દરિયાપુર તંબુ ચોકી પાસેથી ૧૫ દેશી બોંબ મળી આવ્યા

## પાનમસાલા ખાલી ડબામાં વિસ્ફોટક, કાચ, ખીલી નાંખી બોમ્બ બનાવાયા : સમગ્ર મામલામાં પોલીસની ચકાસણી

અમદાવાદ,

એકબાજુ, અમદાવાદ શહેર સહિત ગુજરાતભરમાં વિધાનસભાની ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે અને દસ દિવસ બાદ દિવાળીનો તહેવાર આવી રહ્યો છે ત્યારે આજે શહેરના દરિયાપુર વિસ્તારમાં તંબુ ચોકી પાસેથી ૧૫ દેશી બોંબ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી. દિવાળી પહેલાં તોફાની તત્વોનું દહેશત ફેલાવવાનું કાવતરૂં હોવાનું પોલીસ માની રહી છે. પાન-મસાલાના ખાલી ડબામાં વિસ્ફોટક, કાચ, ખીલી નાંખી બોંબ બનાવાયા હતા, જો કે, નુકસાનની દ્રષ્ટિએ ઘણા નગણ્ય એવા આ દેશી બોંબથી કોઇ ખતરો ન હતો પરંતુ તેમછતાં કયા કારણસર દહેશત અને ભયનો માહોલ ફેલાવવા આવો હીન પ્રયાસ કરાયો તેની તપાસમાં પોલીસ લાગી છે. પોલીસે આ સમગ્ર પ્રકરણમાં એફએસએલની મદદ પણ લીધી છે. આ અંગેની વિગત એવી છે કે, શહેરના દરિયાપુર વિસ્તારમાં તંબુ ચોકી પાસે આજે વહેલી સવારે મહિલા સફાઇ કર્મચારી સફાઇ કામ કરી રહી હતી ત્યારે પોલીસચોકીની પાછળ આવેલી કચરા પેટીમાં તમાકુ-મસાલાના ડબામાં શંકાસ્પદ વસ્તુ મળી આવતાં તેને શંકા જતાં તેણે સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરી હતી. જેથી પોલીસે કચરાપેટીમાં તપાસ કરતાં તેમાંથી ૧૫ દેશી બોંબ મળી આવ્યા હતા. પોલીસે હાથ ધરેલી પ્રાથમિક તપાસમાં પાન-મસાલા, તમાકુના ખાલી ડબામાં વિસ્ફોટક, કાચ, ખીલીઓ ભરીને દોરીથી ડબો બંધ કરી દેવાયો હતો અને તેમાં એક દિવેટ ડબાના ઢાંકણાની બહાર રહે તે રીતે ફીટ કરાઇ હતી. પોલીસે તાત્કાલિક જ બોંબ સ્કવોડને જાણ કરી તપાસ કરાવડાવી હતી. બોંબ સ્કવોડે તપાસ કરી તો, આ બોંબથી બહુ મોટું નુકસાન થાય તેવું કંઇ ન હતુ પરંતુ પોલીસના માનવા પ્રમાણે તેની પાછળનો આશય શહેરમાં ભય અને દહેશતનો માહોલ ફેલાવવાનો હોઇ શકે અને એટલે જ પોલીસે સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાને લઇ દેશી બોંબને એફએસએલની તપાસ અર્થે મોકલી આપ્યા હતા. ઘટનાીન જાણ થતાં જ શહેર ક્રાઇમબ્રાંચના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો પણ અહીં દોડી આવ્યો હતો અને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

### કારની ટક્કરથી અનેક લોકો ઘાયલ થતા ઉડી તપાસ

# લંડનમાં કારની અડફેટે અનેક લોકો આવ્યા : દહેશત ફેલાઈ

## લંડન પોલીસ દ્વારા એક શખ્સની અટકાયત કરી લેવાઈ

લંડન,

પશ્ચિમી લંડનના દક્ષિણી કેનશિગ્ટનમાં નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમની બહાર એક કાર ઘુસી આવતા અનેક લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ મળ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, લંડન પોલીસે ઘટનાસ્થળ પર એક શખ્સની ધરપકડ કરી છે. બ્રિટિશ મીડિયાએ અહેવાલમાં જણાવ્યું છે કે, એક કાર ડ્રાઈવરે કાબુ ગુમાવી દીધો હતો અને આ કાર ખુબ જ મોટા અને લોકપ્રિય ટુરિસ્ટ સ્થળ મ્યુઝિયમની બહાર સુધી ઘુસી ગઈ હતી. આ બનાવ બન્યો ત્યારે મ્યુઝિયમની બહાર મોટી સંખ્યામાં લોકો હતા. પોલીસે કહ્યું છે કે, આ બનાવ માટે હેતુમાં તપાસ ચાલી રહી છે. બ્રિટનમાં તાજેતરમાં દિવસોમાં અનેક આંતકવાદી હુમલા થઈ ચુક્યા છે. આ પ્રકારના હુમલા હાલના વર્ષોમાં ત્રાસવાદીઓ દ્વારા વારંવાર કરવામાં આવ્યા છે. જેના પરિણામ સ્વરૂપે આ બનાવના કારણે બ્રિટિશ પોલીસ પણ ગંભીર દેખાઈ રહી છે. જુદા જુદા પાસામાં તપાસ કરવામાં આવી રહી છે. દરેક સંજોગો તરફ દોરી જનાર પરિબળોણ તપાસ થઈ રહી છે. મ્યુઝિયમ સત્તાવાળાઓએ સોશિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર ઉપર કહ્યું છે કે, અમે પોલીસને તપાસમાં સહકાર આપી રહ્યા છે. લંડન પોલીસ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ઘટના સ્થળે તમામ અધિકારીઓએ પહોંચી ગયા છે અને આ મામલમાં તપાસ હાથ ધરાઈ છે. કાર ચાલકે કઈ રીતે કાબુ ગુમાવી દીધો તે મામલે પણ તપાસ ચાલી રહી છે. યુરોપના જુદા જુદા દેશોમાં હાલના દિવસોમાં અનેક આંતકવાદી હુમલા થયા છે. એમ્બુલન્સ સર્વિસ તરત જ સર્કિય થઈ ગઈ હતી. ઘાયલ થયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. લંડનના મેયર સાદિક ખાનને કહ્યું છે કે, આ બનાવ ખુબ કમનસીબ છે હેલિકોપ્ટરો પણ સર્કિય થઈ ગયા ગયા હતા.

### હિમાચલ પ્રદેશમાં રાહુલે જનસભામાં પ્રહારો કર્યા

# જીએસટીના મુદ્દે મોદી પર રાહુલ ગાંધીના તીવ્ર પ્રહારો

## ઉતાવળમાં જીએસટી લાગુ કરવાના કારણે મોટી સંખ્યામાં લોકોને તેમની નોકરી ગુમાવવી પડી : રાહુલના આક્ષેપો

મંડી,

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે હિમાચલપ્રદેશમાં આક્રમક ચૂંટણી પ્રચાર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા હતા. જીએસટીને લઈને કારોબારીઓનવે આપવામાં આવેલી રાહતોનો ઉલ્લેખ મોદીએ આજે ગુજરાતમાં કર્યા બાદ રાહુલે કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર દ્વારા ઉતાવળમાં જીએસટીને અમલી કરવાના કારણે મોટી સંખ્યામાં લોકોને તેમની નોકરી ગુમાવવી પડી છે. હિમાચલ પ્રદેશના મંડીમાં એક જનસભાને સંબોધતા રાહુલે કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર ઉતાવળમાં આગળ વધી રહી છે. રાહુલે મજાકિયા અંદાજમાં મોદી અને રિપોર્ટર વચ્ચે થયેલી વાતચીતના એક કિસ્સા મારફતે પણ તેમના પર પ્રહારો કર્યા હતા. રાહુલે કહ્યુ હતુ કે જીએસટીના કારણે ગુજરાતમાં ગુજરાતમાં ૩૦ લાખ યુવક યુવતિઓને તેમની નોકરી ગુમાવવી પડી છે. રાહુલે આક્ષેપ કર્યો હતો કે એનડીએ સરકારની આર્થિક નીતિઓના કારણે બેરોજગારી સતત વધી રહી છે. રાહુલના કહેવા મુજબ માત્ર ગુજરાતમાં ૫૦ લાખ બેરોજગાર યુવાનો છે. કોંગ્રેસના નાયબ અધ્યક્ષે કહ્યુ હતુ કે તેમની પાર્ટીએ જીએસટીની મહત્તમ મર્યાદા ૧૮ ટકા રાખવાની વાત કરી હતી. જો કે કેન્દ્ર સરકારે આને ૨૮ ટકા રાખવાનો નિર્ણય કર્યો હતો. રાહુલના કહેવા મુજબ નાના અને મધ્યમ ઉદ્યોગો આટલા મોટા પાયે ટેક્સ ઉપાડી લેવાની સ્થિતીમાં નથી. રાહુલે ખુબ રોચક રીતે મોદી પર પ્રહારો કર્યા હતા. રાહુલે કાલ્પિક કિસ્સાનો ઉલ્લેખ કર્યો હતો. રાહુલે એમ પણ કહ્યુ હતુ કે મોદીને વાસ્તવિકતા અને જુઠ્ઠાણા વચ્ચે અંતરની માહિતી જ નથી. રોજગારના મોરચે મોદી અને તેમના પ્રધાનો ખોટી વાત કરીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. મોદીના પ્રધાન પિયુષ ગોયલ કહી રહ્યા છે કે ઓછી નોકરી સારી બાબત છે. આ પ્રકારના નિવેદન ખુબ શરમજનક છે. ચીનમાં દરરોજ ૫૦ હજાર યુવાનોને નોકરી મળી રહી છે. જ્યારે ભારતમાં દરરોજ માત્ર ૪૫૦ યુવાનોને જ નોકરી મળે છે. અહીં ભારત અને ચીન વચ્ચે અંતર સ્પષ્ટપણે જોઇ શકાય છે. દેશના યુવાનોને કોઇ ભવિષ્ય દેખાઇ રહ્યુ નથી. કડવી વાસ્તવિકતા તો એ છે કે દેશની સૌથી મોટી સમસ્યા બેરોજગારી છે. જેને લિને સરકાર ભારે ઉદાસીન દેખાઇ રહી છે.

દ્વારકાધીશ મંદિરમાં ખાસ પુજા કર્યા બાદ જુદા જુદા કાર્યક્રમ શરૂ થયા

# મોદીની હાઈપ્રોફાઈલ ગુજરાત યાત્રા શરૂ : દ્વારકાધીશમાં દર્શન

## એક મહિનાના ખુબ ટુકા ગાળામાં વડાપ્રધાન મોદીની ત્રીજી ગુજરાત યાત્રાને લઈને ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ : કેટલાક ભૂમિપુજન-લોકાર્પણ કાર્યક્રમ

અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બે દિવસની હાઈપ્રોફાઈલ ગુજરાત યાત્રા પર પહોંચી ગયા હતા. બે દિવસની યાત્રાએ જામનગર પહોંચ્યા બાદ તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. માત્ર એક મહિનાના ગાળામાં જ મોદીની આ ત્રીજી ગુજરાત યાત્રા છે. જામનગર પહોંચ્યા બાદ મોદી દ્વારકાધીશના દર્શન કરવા માટે પહોંચ્યા હતા. મોદીએ ભાવભક્તિપૂર્વક દ્વારકાધીશના પુજન અર્ચન કર્યા હતા. દેશના લોકોની સુખાકારીમાં વધારો થાય તેવી પ્રાર્થના મોદીએ કરી હતી. મંદિરના મુખ્ય પુજારી પ્રવીણભાઈએ શાસ્ત્રોક્ત વિધીપૂર્વક મોદીને પાદુકાપુજન વિધી કરાવી હતી. મોદીની સાથે ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી, કેન્દ્રિય પ્રધાન નિતિન ગડકરી, ગુજરાતના નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ પુજાવિધીમાં જોડાયા હતા. મોદી મંદિર સંકુળમાં મોદી આશરે ૧૦-૧૫ મિનિટ સુધી રોકાયા હતા. મોદીની સાથે તમામ મહાનુભાવો હાજર રહ્યા હતા. મોદીએ તેમના કાર્યક્રમની શરૂઆત દ્વારકાથી કરી હતી. મંદિર સંકુળમાં તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. મોદીને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ગુજરાતના પનોતાપુત્ર અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શનિવારે સવારે નવી દિલ્હીથી સીધા દ્વારકા પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓખા અને બેટદ્વારકાને જોડતા સમુદ્ર પર ૯૬૨.૪૩ કરોડ ખર્ચે નિર્મિત થનારા ચાર માર્ગીય કેબલ સ્ટેડ સિગ્નેચર બ્રીજના નિર્માણ કાર્યનો શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારકાથી સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પહોંચ્યા હતા. ચોટીલા નજીક ગુજરાત સરકાર અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે રાજકોટ ગ્રીન ફિલ્ડ એરપોર્ટનું નિર્માણ પ્રક્રિયા હાથ ધરી હતી. નરેન્દ્ર મોદીના વરદ હસ્તે તેનું ભૂમિ પૂજન કરવામાં આવ્યુ હતુ.ખાતમુહુર્ત કર્યા બાદ મોદીએ કહ્યું હતું કે, કોણે વિચાર્યું હતું કે અહીં એરપોર્ટ બનશે. મોદી કહ્યું હતું કે, ઘણા લોકોને આ એરપોર્ટ થયું તે ગમ્યુ નહી હોય તેવો કટંસા કરી મોદીએ કહ્યું હતું કે તે લોકો ભલે બસમાં જાય હવાઈ ચપલ પહેનારો વ્યક્તિ પણ હવાઈ મુસાફરી કરે તેવું સ્વપ્નું સેવ્યું હતું. દરેક રાજ્યમાં ટોપ-૧૦ એરપોર્ટ બને તેવા પ્રયાસો કર્યા છે. હવાઈ મુસાફરી કરનાર લોકોમાં ૧૪ ટકાનો વધારો થયો છે. આ એરપોર્ટ માટે સુરેન્દ્રનગર જીલ્લાની જમીનની પસંદગી કરવામાં આવી છે. ૪ ટકા જમીન ખેડુતોએ આપી છે તે ગર્વની વાત છે.મોદીએ ગાંધીનગર નજીક પાલજ ગામ પાસે ૩૯૭ એકર જમીનમાં સાબરમતીના કાંઠે આઈઆઈટી સંકુલનું નિર્માણ કરાયું છે. નરેન્દ્ર મોદી આ અત્યંત આધુનિક આઈઆઈટી સંકુલ રાષ્ટ્રને અર્પણ કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આઈઆઈટી ગાંધીનગરના પગથારેથી ડિજિટલ સાક્ષરતા અભિનંદન સમારોહને પણ સંબોધન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપરાંત કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી તથા કાયદો અને ન્યાય મંત્રી રવિશંકર પ્રસાદ,પણ જોડાયા હતા.

આધુનિક ગ્રીનફીલ્ડ એરપોર્ટનું ભૂમિપૂજન

# એવિએશન સેક્ટરનો વિકાસ ખુબ ઝડપથી થશે : વડાપ્રધાન

## આધુનિક એરપોર્ટના લીધે આવનાર દિવસોમાં રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લા એકબીજા સાથે સ્પર્ધા કરી શકશે

અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચોટીલા ખાતે વૈશ્વિક કક્ષાના ગ્રીનફીલ્ડ એરપોર્ટનું ભૂમિપૂજન કરતા જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર-રાજકોટ જિલ્લાની મધ્યમાં નિર્માણ થનાર આ આધુનિક એરપોર્ટના કારણે આવનાર દિવસોમાં સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લા એકબીજા સાથે વિકાસની તંદુરસ્ત સ્પર્ધા કરશે. તેજ ગતિથી આગળ વધવાની સંભાવનાવાળા આ બે જિલ્લાઓને ધ્યાને લઈ ભારત સરકાર દ્વારા અહીં ભવ્ય એરપોર્ટ બનાવવાનો નિર્ણય કરાયો છે. જેના પરિણામે આ વિસ્તાર સાથે સૌરાષ્ટ્રની સમૃદ્ધિના દ્વાર ખુલશે. હવાઈ ચપ્પલ પહેરનાર સામાન્ય વ્યક્તિ પણ હવાઈ મુસાફરી કરી શકે તેવો એવીએશન સેક્ટરના વિકાસ કરવાનું કેન્દ્ર સરકારે આરંભ્યું છે. ચોટીલા ખાતે યોજાયેલી વિશાળ જાહેર સભાને સંબોધતા વડાપ્રધાનએ ઉક્ત સંદર્ભમાં જણાવ્યું હતું કે, એવીએશન પોલીસી થકી અમદાવાદ-મુંબઈ-ચેન્નઈ જેવા મોટા શહેરોની સાથે નાના-નાના શહેરોમાં પણ એર કનેક્ટીવીટી ઉપલબ્ધ બને તેવી સરકારની નેમ છે. જેને અનુરૂપ રાજકોટના હિરાસર ખાતે નિર્માણ થનાર આ એરપોર્ટ ઉપરથી ભવિષ્યમાં ઈન્ટરનેશનલ સર્વિસ શરૂ થશે, એ દિવસો પણ હવે દુર નથી. વડાપ્રધાનએ ગુજરાતમાં નર્મદાના નીર થકી આવેલ સમૃદ્ધિનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, નર્મદાના નીરનો સૌથી વધુ લાભ સુરેન્દ્રનગર જિલ્લાને મળ્યો છે. નર્મદાના નીર થકી આ જિલ્લો આવનારા દિવસોમાં કૃષિના વિકાસની સાથે ઔદ્યોગિક વિકાસનું કેન્દ્ર બનશે અને રોજગારીની વિપુલ તકો ઉપલબ્ધ થશે. નર્મદાના નીરના દ્વારા જિલ્લાની કૃષિ સમૃદ્ધિમાં વધારો થયો છે. જેના કારણે જિલ્લાની જમીનની કિંમત પણ વધી છે. જેને ધ્યાને લઈ સરકારે હિરાસર ખાતે નિર્માણ થનાર આ ગ્રીનફીલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટ માટે ખેડુતોની ઓછામાં ઓછી જમીન સંપાદન થાય તેનું ખાસ ધ્યાન રાખ્યું છે. જેના પરિણામે આ પ્રોજેક્ટ માટે ખેડુતોની માત્ર ૪ ટકા જમીન સંપાદિત કરવામાં આવી છે. બાકીની ૯૬ ટકા જમીન સરકારી બંજર જમીન છે. વડાપ્રધાનએ જણાવ્યું હતું કે, સરકારે માર્ગોના નવીનીકરણની સાથે ભવિષ્યના વિકાસને ધ્યાને લઈ માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટે તે માટે કામગીરી હાથ ધરી છે. જે અન્વયે અમદાવાદ-રાજકોટના છ માર્ગીયકરણ અને રાજકોટ-મોરબીના માર્ગને ચારમાર્ગીય કરવાનું કાર્ય હાથ ધરીને માર્ગ અકસ્માતોના નિવારણની સાથે સૌરાષ્ટ્રના વિકાસના નવા દ્વાર ખોલ્યા છે.

છરીના ઘા ઝીંકી યુવકને મોતને ઘાટ ઉતારાયો

# યુવકની ક્રુર હત્યા કરી ફેંકી દેવાયેલી લાશ મળી આવી

## પોલીસે મૃતક યુવકની લાશને પીએમ અર્થે મોકલી આપી

અમદાવાદ,

શહેરના નરોડા-દહેગામ રોડ પર આવેલા પ્રકાશ ફાર્મ નજીકથી આજે એક અજાણ્યા યુવકની હત્યા કરી ફેંકી દેવાયેલી લાશ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી. આ સાથે જ શહેરના પૂર્વ વિસ્તારમાં ફરી એકવાર હત્યાનો વધુ બનાવ સામે આવ્યો છે. નરોડા પોલીસે મૃતક યુવકની લાશને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી તેની ઓળખ અને હત્યાના કારણ સહિતની બાબતોની તપાસ આરંભી છે.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના નરોડા-દહેગામ રોડ પર આવેલા પ્રકાશ ફાર્મ નજીક એક અજાણ્યા યુવકની લાશ પડી હોવા અંગે પોલીસ કંટ્રોલ રૂમને વહેલી સવારે મેસેજ મળ્યો હતો. જેથી નરોડા પોલીસને તેની જાણ કરાતાં પીઆઇ આર.બી.રાણા સહિતનો સ્ટાફ અને કાફલો ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. જો કે, યુવકની ઓળખ હાલ તો થઇ શકી ન હતી, તેની ઓળખ માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. વધુમાં, પોલીસને તપાસમાં એ પણ જણાયું કે, જે જગ્યાએથી લાશ મળી ત્યાં કોઇ લોહીના ડાઘ કે અન્ય કોઇ નિશાન મળ્યા નથી, તો આ જગ્યાએ જ હત્યા કરાઇ હોવાના કોઇ નક્કર પુરાવા પણ મળ્યા નથી, જેથી યુવકની હત્યા અન્ય કોઇ સ્થળે કરી તેની લાશ નરોડા-દહેગામ રોડ પર ફેંકી દેવાઇ હોય તેવું પોલીસ માની રહી છે. પોલીસે યુવકની હત્યા કયા સંજોગોમાં કરાઇ અને હત્યા પાછળ લૂંટ કે અન્ય કોઇ કારણ જવાબદાર છે તે સહિતના તમામ મુદ્દાઓની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. પોલીસે આ પ્રકરણમાં કેટલાક શકમંદોની પૂછપરછ પણ હાથ ધરી છે.

# પતિ-પત્નીને યૌન સંબંધ માટે કોર્ટ આદેશ આપી શકે નહીં

નવી દિલ્હી,

દિલ્હી હાઈકોર્ટે પતિ-પત્નીના ઝઘડાના કેસમાં કોર્ટના આદેશનું અર્થઘટન રજુ કર્યુ છે. જેમાં કોર્ટે સ્પષ્ટ જણાવ્યુ છે કે, કોઈપણ કોર્ટ જ્યારે સંબંધો તૂટવાના આરે હોય ત્યારે છૂટાછેડા પહેલા થોડો સમય સાથે રહેવાનો આદેશ આપે તો એનો મતલબ એવો નથી થતો કે કોર્ટે યૌન સંબંધો બાંધવા માટે પણ આદેશ આપ્યો છે.

કોર્ટનો આદેશ આવા સંબંધો માટે વ્યક્તિને મજબુર કરી શકે નહીં. હાઈકોર્ટના જસ્ટીસ પ્રદીપ નાંદ્રાજોગ અને જસ્ટીસ પ્રતિભા રાણીની ખંડપીઠે એ સ્પષ્ટ કર્યુ હતું કે,પતિ અથવા પત્નીમાંથી કોઈ એક ૧ વર્ષ સુધી સાથે રહેવાના કોર્ટના આદેશનો ભંગ કરે તો તે છૂટાછેડા મેળવવા માટેનો એક મજબુત આધાર બની શકે છે. કોર્ટે એ પણ જણાવ્યુ કે, દાંપત્ય જીવનના અધિકારોને સાબિત કરવા માટે કોર્ટના આદેશનો ઉપયોગ થઈ શકે નહીં. કોર્ટના આદેશનો ઉદ્દેશ્ય માત્ર વ્યક્તિના વૈવાહિક જીવનમાં સર્જાયેલ અવરોધોને દૂર કરવાનો છે, જેથી કરીને પતિ-પત્ની પોતાના સંબંધોને તોડતા પહેલા એક નવી તક આપી શકે. પરંતુ જો એક વર્ષ સુધીના સમયગાળામાં દાંપત્ય જીવનના અધિકારો અંગે કોઈ નિર્ણય ન લેવાય તો હિન્દુ મેરેજ એક્ટ ૧૯૫૫ અંતર્ગત તે છૂટાછેડાનું મજબુત કારણ બની શકે છે. કોર્ટે એ પણ જણાવ્યુ કે, કાયદાની સ્થિતિ મુજબ દાંપત્ય અધિકારીઓને સ્થાપિત કરવા માટેના આદેશ મુજબ કોર્ટ માત્ર પતિ-પત્નીને સાથે રહેવાની ફરજ પાડી શકે છે. તેમને યૌન સંબંધો બાંધવાની ફરજ પાડી શકે નહીં. કોર્ટે આ ટિપ્પણી ૫૮ વર્ષની એક મહિલાના પરિવાર તરફથી દાખલ કરવામાં આવેલ અરજીના સંદર્ભે કરી છે.

સિવિલ સુપ્રીટેન્ડેન્ટ માટે નિયમો બદલાયા

# ૩૪ દિવસ વિદેશ ગયા હોવા છતાં પ્રભાકરને મળ્યો પગાર

## નિયમ મુજબ દર મહિને એક જ રજા મળવા પાત્ર હોવા છતા ૩૪ દિવસની રજાઓ ન કપાઈ : વિરોધના વંટોળ

અમદાવાદ,

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં નિવૃત્તિ બાદ કરાર પર રહેલા એવા સુપ્રિટેન્ડેન્ટ ડો.એમએમ પ્રભાકર વિરુદ્ધમાં તેમજ સિવિલ હોસ્પિટલની વહિવટી શાખામાં થયેલી ગેરરીતિ બાબતે મુખ્યમંત્રીના કાર્યાલયે આરોગ્ય વિભાગ અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવને તપાસ કરવાનો આદેશ આપતા ચકચાર મચી ગઈ છે. મેઘાણીનગરમાં રહેતા સંજય શર્માએ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.એમએમ પ્રભાકર વિરુદ્ધમાં શાહિબાગ પોલીસ સ્ટેશન તેમજ રાજ્યના મુખ્યમંત્રીને લેખિતમાં ફરીયાદ કરી છે. ફરીયાદમાં કરાયેલ આક્ષેપ મુજબ તારીખ ૩૦ જુન, ૨૦૧૭ના રોજ ડો.એમએમ પ્રભાકર નિવૃત્ત થયા હતા. ત્યારબાદ રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કરાર કરીને તેમને સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે યથાવત રાખ્યા હતા. કરાર મુજબ તેમને દર મહિને તેમને એક રજા મળે. આ સિવાય તે કોઈ રજા લઈ ના શકે. પ્રભાકર તા.૨૧-૫-૨૦૧૭ના રોજ અમેરિકા ગયા હતા અને ૩૪ દિવસ બાદ એટલે કે તા.૨૫-૬-૨૦૧૭ના રોજ તેઓ પરત ફરજ પર હાજર થયા હતા. સિવિલ હોસ્પિટલમાં ગેરહાજરી હોવા છતાંય હોસ્પિટલના વહિવટી વિભાગે તેમનો ૫૧ હજાર રૂપિયા પગાર એમએમ પ્રભાકરના ખાતામાં જમા કરી નાખ્યો હતો. સંજય શર્માની ફરીયાદને લઈ સીએમઓએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અધિક સચિવને તપાસ કરીને રીપોર્ટ રજુ કરવા આદેશ કર્યો છે.

અમદાવાદ ગ્રાહક તકરાર નિવારણનો ચુકાદો

# પ્રવાસીઓને છેતરનારી ટુર કંપનીને વળતર માટે હુકમ

## યુરોપ ટુરમાં લઈ ગયા બાદ જાણીતા સ્થળો પ્રવાસીઓને ન બતાવ્યા : ફોરમે ૯ ટકા વ્યાજની સાથે વળતર અપાવ્યું

અમદાવાદ,

યુરોપની ટુરમાં પ્રવાસીઓને લઇ ગયા બાદ મહત્વના અને જાણીતા સ્થળો નહી બતાવી તેઓની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરવા બદલ શહેરના સિનિયર સીટીઝન નાગરિક દ્વારા ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ(અખિલ ભારતીય) મારફતે અમદાવાદ શહેર ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ દાખલ કરી હતી. જેની સુનાવણીના અંતે ફોરમના પ્રમુખ એલ.એસ.રબારી અને સભ્યોએ ફરિયાદી સીનીયર સીટીઝનને ફરિયાદની તારીખ તા.૩૧-૩-૨૦૧૫થી વાર્ષિક ૯ ટકાના ચઢતા વ્યાજ સાથે રૂ.૨૫ હજારનું વળતર ચૂકવવા કસૂરવાર ટુર કંપની થોમસ કુકને હુકમ કર્યો છે. વધુમાં, ફોરમે ફરિયાદી સિનિયર સીટીઝનને માનસિક ત્રાસ અને આઘાત પેટે રૂ.એક હજાર અને ખર્ચના એક હજાર ચૂકવી આપવા પણ કસૂરવાર ટુર કંપનીને હુકમ કર્યો છે. શહેરના મેમનગર વિસ્તારમાં રહેતા ભાગવતભાઇ પટેલે ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ(અખિલ ભારતીય)ના પ્રમુખ મુકેશ પરીખ મારફતે અમદાવાદ શહેર ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ટુર કંપની થોમસ કુક વિરૂધ્ધ ગ્રાહક સુરક્ષા ધારા અન્વયે ફરિયાદ દાખલ કરી હતી. જેમાં સમિતિના પ્રમુખ મુકેશ પરીખે મહત્વની દલીલો કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતી પ્રવાસીઓ માટે અગાઉ થોમસ કુક ઇન્ડિયા લિ. દ્વારા આવો અમારી સાથે સૂત્ર સાથે ૧૭ દિવસની યુરોપની ટુરનું આયોજન કરાયું હતું પરંતુ પૂરતા પ્રમાણમાં પ્રવાસીઓ નહી મળતાં કંપની દ્વારા તા.૫-૭-૧૩ના રોજ ગુજરાતી ટુર રદ કરવામાં આવી હતી. બાદમાં તા.૨૯-૭-૧૩ના રોજ થોમસ કુક દ્વારા પ્રવાસીઓને ૧૪ રાત્રિ અને ૧૫ દિવસની ગ્રાન્ડ બાર્ગેઇન ટુર ઓફ યુરોપની ઓફરમાં જોડયા હતા. પ્રવાસીઓને વિદેશ લઇ ગયા બાદ ત્યાં બ્રોશરમાં દર્શાવ્યા મુજબના મહત્વના અને જાણીતા સ્થળો પર લઇ જવાયા ન હતા અને તેઓની સાથે ગંભીર છેતરપીંડી અને વિશ્વાસઘાત કરાયા હતા. ટુર ઓપરેટરો દ્વારા સેવામાં ખામી, બેજવાબદારી અને બેદરકારી દાખવી અનફેર ટ્રેડ પ્રેકટિસ આચરવામાં આવી હોઇ ફોરમે કસૂરવાર ટુર ઓપરેટર કંપની પાસેથી ફરિયાદ ગ્રાહકને મહત્તમ વળતર અપાવતો હુકમ કરવો જોઇએ. ફરિયાદી સીનીયર સીટીઝન અને સમિતિના પ્રમુખ મુકેશ પરીખની દલીલો ગ્રાહ્ય રાખી અમદાવાદ શહેર ગ્રાહક તકરાર નિવારણ ફોરમે ફરિયાદી ગ્રાહકને ઉપરમુજબ વળતર અપાવતો મહત્વનો હુકમ કર્યો હતો.

સાથે સાથે ફોરમે ઠરાવ્યું હતું કે, ટુર કંપની દ્વારા યુરોપ ટુરમાં પ્રવાસીઓને મહત્વના સ્થળો નહી બતાવી ટુર સેવામાં ખામી આચરી છે અને તેથી ફરિયાદી ગ્રાહક વળતર મેળવવા હકદાર ઠરે છે.

અમદાવાદ ગ્રામ્ય એલસીબી પોલીસની સફળતા

# નજર ચૂકવી કિંમતી ચીજોની ચોરી કરનાર ટોળકી ઝડપાઈ

## મુખ્ય સૂત્રધાર સંતોષ ચમાર સહિત પાંચ શખ્સો સનાથલ સર્કલ પાસે પકડાયા : પાંચ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

અમદાવાદ,

અમદાવાદ શહેર સહિત રાજ્યમાં અને રાજ્ય બહારના વિવિધ વિસ્તારોમાં નાગરિકોની નજર ચૂકવી કિંમતી માલ-સામાનની ચોરી કરતી અન્ના ગેંગના મુખ્ય સૂત્રધાર સંતોષ ઉર્ફે રાજકુમાર ચમાર સહિત પાંચ આરોપીઓને અમદાવાદ ગ્રામ્ય એલસીબી પોલીસે રંગેહાથ ઝડપી લઇ તેઓની પાસેથી અંદાજે પાંચ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ થોડા દિવસ પહેલાં સાણંદ બસ સ્ટેન્ડ પાસેથી એક વેપારીના દસ લાખની ચીલઝડપના ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. અમદાવાદ જિલ્લા પોલીસ અધિક્ષક આર.વી.અસારીના માર્ગદર્શન હેઠળ અમદાવાદ ગ્રામ્ય એલસીબીના પોલીસ અધિકારીઓએ હાથ ધરેલી તપાસમાં અન્ના ગેંગના સાગરિતો સનાથલ સર્કલથી અમદાવાદ શહેર તરફ જનાર હોવાની ચોકક્સ બાતમી મળી હતી. આ બાતમીના આધારે અમદાવાદ ગ્રામ્ય એલસીબી પોલીસે ખાનગીમાં વોચ ગોઠવી સનાથલ સર્કલ પાસેથી આરોપી સંતોષ રાજકુમાર ચમાર, મની કરયૈઆ તૈલી, રમેશ મનિ કરયૈઆ તૈલી, સંજય શુભૈયા તૈલી અને શંકર મૃગેશ તૈલી(તમામ રહે.રબારીની ચાલી, સીંગરવા, અમદાવાદ-મૂળ રહે.નવાપુર વાડિક પડા, તા.નવાપુરા, જિ.નંદુબાર (મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી લીધી હતી અને તેમની પાસેથી ૩૧ મોબાઈલ અને રૂ.૪.૬૪ લાખ રોકડા સહિત કુલ રૂ.૪.૯૬ લાખથી વધુનો ચોરીનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દરમ્યાન આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, અન્ના ગેંગના આ આરોપીઓએ છેલ્લા બે માસમાં અમદાવાદ શહેર, અંબાજી અને રાજસ્થાનના રામદેવરા મેળામાં નાગરિકોની નજર ચૂકવી કિંમતી માલ-સામાનની ચોરીના બારથી વધુ ગુના આચર્યા હતા. તમામ આરોપીઓ રીઢા અને આ પ્રકારના ગુનો કરવાની ટેવવાળા હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું હતું. પોલીસે આરોપીઓની મોડેસ ઓપરેન્ડીનો પર્દાફાશ કરતાં જાણવા મળ્યું કે, આરોપીઓ ઝુંપડપટ્ટામાં આશરો મેળવતા અને ગ્રુપમાં બજારમાં નીકળી બજાર ખુલવાના સમયે ખાસ પ્લાનીંગ કરતા હતા.

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

ગાંધીનગર મુખ્ય કાર્યાલય

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ,
સેક્ટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

એડીટોરીયલ ચીફ :
બકુલ એ. રાવલ

અમદાવાદ મુખ્ય કાર્યાલય

૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : નિલેશભાઈ રાવલ

૨૫૬૭, ગોઝારીયા પોળ,
હલીમની ખડકી પાસે, શાહપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001